थस्मृतिलेखनम्

મારા માટે રસ્તાઓ ક્યારેય માત્ર એક સ્થળેથી બીજા સ્થળે પહોંચવાનું માધ્યમ રહ્યા નથી...

હાઇવે પર દોડતી બસની બારીમાંથી દેખાતો સૂર્યાસ્ત હોય, કોઈ અજાણ્યા ગામના વરસાદમાં લેવાયેલી ચાની ચૂસકી હોય, કે પછી કોઈ પથિકના ચહેરા પર છુપાયેલી કથની હોય – રાહ અને રાહગીર, હંમેશાં મને એક નવી જીવનદૃષ્ટિ પૂરી પાડે છે. ધુમ્મસમાં રસ્તાને ઓગળી જતો હું જોઉં છું ત્યારે મનમાં પ્રશ્ન ઊઠે છે – શું ખરેખર કોઈ ગંતવ્ય હોય છે ખરું, કે પછી જીવન માત્ર યાત્રા જ છે?

સમય જતાં સમજાયું કે યાત્રા માત્ર ભૌગોલિક નથી હોતી, તે માનસિક અને આધ્યાત્મિક પણ હોય છે. માણસ પથ ઉપર જેટલું ચાલે છે, તેનાથી વધુ એ પોતાના મનમાં ચાલે છે. આ સમજણે જ કદાચ મને પ્રસ્તુત વિષય ઉપર લખવા પ્રેર્યો હોય!

આ નવલકથા લખવાની પ્રેરણા મને અનેક વાસ્તવિક યાત્રાઓમાંથી મળી છે. છેલ્લાં કેટલાંક વર્ષોમાં એક વિશિષ્ટ બાબતે મને વિચારવા માટે મજબૂર કર્યો છે – એ છે મહિલા-બાઇકરોનું વિસ્તરતું જતું વાસ્તવિક વિશ્વ... સોશિયલ મીડિયામાં લટાર મારતી વેળાએ એક દિવસ 'THE TIMES OF INDIA'માં પ્રકાશિત થયેલા એક મહિલા-બાઇકરના ઇન્ટરવ્યુ (April-2025)એ મારું ધ્યાન ખેંચ્યું. હેડલાઇન કંઈક આવી હતી – 'Kutch to Kanyakumari to Nagpur, woman biker's epic ride continues...' મૂળ આદિપુર, કચ્છનાં એ 'સોલો-વુમન-બાઇકર' છે – મિસ રિતિકા શર્મા... અને આ છે 'પથિ અસ્મિ'નું ઉદ્‌ગમબિંદુ.

ભારતભરમાં મહિલા-બાઇકરોની વધી રહેલી સંખ્યાના પ્રભાવ હેઠળ મેં તેમની 'જર્ની' વિશે 'રિસર્ચ' કરવાનું શરૂ કર્યું. તેમના સોલો તેમ જ ગ્રુપ પ્રવાસો વિશે વાંચ્યું; તેમના અનુભવો સાંભળ્યા, વીડિયો જોયા; શક્ય હતું તેમને રૂબરૂ મળ્યો – એકત્ર થયેલી એ અઢળક સામગ્રીમાં છલકાઈ રહેલી તેમની હિંમત જ મને પ્રભાવિત નહીં કરી ગઈ; તેમની એકલતાથી નોખું

પડતું એકાંત પણ સ્પર્શી ગયું. આ માત્ર સાહસ નથી, સ્વતંત્રતાનું એક જીવંત ઘોષણાપત્ર છે. એક યુવતી જ્યારે મોટરસાઇકલ પર એકલી નીકળે છે ત્યારે માત્ર એન્જિન નથી ગર્જતું, અસંખ્ય પ્રશ્નો પણ તેની આગળ દોડતા હોય છે –

'એકલી જઈ શકીશ?'

'ડર નહીં લાગે?'

'આ બધી માથાકૂટની જરૂર ખરી?'

'ક્યાં રખડવા નીકળી પડવાની?'

'સિન્ગિંગ, ડાન્સિંગ, પેઇન્ટિંગ જેવા શોખ પાળ; આ બાઇક-રાઇડિંગ...'

ઘુરકિયાં કરતા બધા જ પ્રશ્નોને પાછળ છોડીને જ્યારે તે યુવતી હેલ્મેટ પહેરે છે, બાઇકનો 'સેલ' મારે છે, અને ગિયરને 'ન્યુટ્રલ'માંથી બદલીને 'ફર્સ્ટ પોઝિશન'માં લાવે છે, ત્યારે માત્ર એક મુસાફરી શરૂ નથી થતી – એક મૌન ક્રાંતિ શરૂ થાય છે. મહિલા-બાઇકરો રસ્તાઓ પર નથી દોડતી; તેઓ મર્યાદાઓની દીવાલો પર દોડતી હોય છે. તેમનાં પૈડાં માત્ર કિલોમીટર નથી કાપતાં, પૂર્વગ્રહોનાં જંગલો પસાર કરતાં હોય છે.

મારી દીકરી 'ઝીલ' હાલ MBAનો અભ્યાસ કરે છે. દોઢેક વર્ષ પૂર્વે મેં તેને રિતિકા શર્મામેડમ વિશે જણાવેલું, કે તેઓ મૂળ કચ્છનાં છે, અને હાલ (કાયમી ધોરણે) હિમાચલ પ્રદેશના મનાલીમાં રહે છે – તેઓ ભારતભરમાં માત્ર બાઇક ઉપર હજારો કિલોમીટરની સફર ખેડે છે, પહાડો ઓળંગે છે, રણો પાર કરે છે, અજાણ્યાં શહેરોમાં રાત વિતાવે છે; જાણે કે સમાજની માન્યતાઓ અને મર્યાદાઓને સાથે લઈને નીકળે છે... અને અજાણતાં જ અમારી ચર્ચામાંથી એક દાર્શનિક-આધ્યાત્મિક ઝાંય ધરાવતી કથાનાં દ્વાર ઊઘડ્યાં; ત્યારે ઝીલે કહેલું, એના અમુક મિત્રો – વિસ્મય પ્રથીપ, ક્રિથિક ચંદ્રન, જૈમિન કૉન્ટ્રાક્ટર, જિત ટંડેલ વગેરે – બાઇક-રાઇડિંગનો શોખ ધરાવે છે; અને ગોવા, માઉન્ટ આબુ, મનાલી વગેરે સ્થળોની બાઇક-ટૂર કરે છે. મને રસ પડતાં મેં તેમનાં ઇન્ટરવ્યુ લીધા. તેમણે ટ્રિપ દરમિયાનના તેમના ફોટો-વીડિયો વગેરે મારી સાથે 'શૅર' કર્યા; તેમના અનુભવો તથા ટ્રિપ-પ્લાન વર્ણવ્યા... એ બાઇકર-મિત્રોએ પૂરી પાડેલી મહત્ત્વપૂર્ણ માહિતી બદલ અહીં હું તેમનો આભાર માનવાની તક ઝડપી લઉં છું.

મેં આ નવલકથા લખવાની શરૂઆત કરી ત્યારે મારા મનમાં અમુક છૂટાંછવાયાં પાત્રો હતાં. કોઈ પોતાના જીવનના પ્રશ્નોના જવાબ શોધવા નીકળે છે, તો કોઈ કશાકથી ભાગી છૂટવા મથે છે. લેખન દરમિયાન મને અનુભવાઈ રહ્યું હતું, જાણે પાંચ ધબકતાં હૃદયોના સંગાથે હું પણ અદશ્યપણે યાત્રાએ નીકળ્યો છું. આ કથા ચાર મહિલા-બાઇકરો અને એક પુરુષ-બાઇકરની લાંબી અને પરિવર્તનકારી યાત્રાની છે; પાત્રોની પોતાની અંદર સુધી પહોંચવાની, ભૂતકાળનો સામનો કરવાની અને જીવનને નવી રીતે સમજવાની કહાણી છે. તેઓ બાઇક ઉપર લદ્દાખ જવા નીકળે છે; પરંતુ માર્ગમાં સમજાય છે કે દરેક અસવાર પોતાની અંદર પણ એક લદ્દાખ લઈને ફરે છે – એક એવું શિખર, જ્યાં પહોંચવા માટે બહારના રસ્તાઓ કરતાં અંદરના રસ્તાઓ વધુ કઠિન છે, અને બિસમાર પણ.

આપણે બધા ક્યાંક ને ક્યાંક કંઈક શોધી રહ્યા છીએ – કોઈ વ્યક્તિને, કોઈ ઉત્તરને, કોઈ સ્મૃતિને... યાત્રા આપણને શીખવે છે કે આપણે ઓળખવાનું છે – પોતાને, પોતાની પીડાને, પોતાના પ્રકાશને તથા અંધકારને.

પીડામાંથી પ્રકૃતિ તરફ વળવાની આ કથાયાત્રા માટે મેં સોશિયલ મીડિયા પર અનેક મેલ-ફીમેલ બાઇકરોને 'Follow' કર્યા. તેમની સાથે 'Virtual' મિટિંગ કરી. કોઈકે મેસેજ થકી, તો કોઈકે વીડિયોકૉલ દ્વારા રોડ-ટ્રિપ અંતર્ગત મારા પ્રશ્નોના ઉત્તરો પાઠવ્યા. એક નવીન કથાવસ્તુ આધારિત મારી લેખનયાત્રામાં ઉમળકાભેર સાથ આપનારા એ બધા જ અપરિચિત, છતાં માર્ગદર્શક બનેલા સાથીઓનો અઢળક આભાર માનું છું.

'બાઇક-રાઇડિંગ'નો એક અનોખો વિક્રમ સર્જનાર કચ્છનાં મહિલા-બાઇકર શ્રી રિતિકા શર્મા સાથે આ નવલકથા-પ્લૉટ અંતર્ગત અનેક વખત ચર્ચા-વિમર્શન થયાં. તેમના તરફથી બાઇકયાત્રા સંદર્ભે 'DOs/DON'Ts'ની એક વિસ્તૃત યાદી મળી. તેમણે પચાસ હજારથી વધુ કિલોમીટરની સોલો-બાઇક-રાઇડની પોતાની સુખદ-દુઃખદ અનુભૂતિઓ પણ વર્ણવી. તેમના સુંદર અને સાહસી વ્યક્તિત્વથી આકર્ષાઈને મારા સર્જકમનમાં એક લાલસા જન્મી – પ્રસ્તુત નવલકથાની પ્રસ્તાવના તેમની કલમમાંથી જ ટપકે... મારા અત્યાગ્રહને સહર્ષ માન આપીને તેમણે એક નિખાલસ કબૂલાત કરી, કે તેઓ સાહિત્યમાં

રસ તો ધરાવે છે, પણ પોતે લેખક નથી; માટે લખી તો આપશે, પણ થોડું 'રેન્ડમ' હોઈ શકે, ગુજરાતી-હિન્દી-અંગ્રેજીના મિશ્રણવાળું – જરા મઠારી લેશો... જોકે નજીવા ફેરફારો સિવાય મારે ખાસ મઠારવું નહીં પડ્યું! આમ, એક અદ્‌ભુત યાત્રા જેવી પ્રસ્તાવના લખી આપવા બદલ હું રિતિકાજીનો સસ્નેહ આભાર માનું છું.

વિશેષ આભારદર્શન આદરણીય સાહિત્યકાર શ્રી મોહન પરમારસાહેબ માટે – જેમણે નવલકથાનું હાર્દ તેમ જ તેનો મૂળ દૃષ્ટિકોણ વાચકો સમક્ષ ઉજાગર થાય એવી સચોટતાથી 'બૅક-કવર' માટે શબ્દચિત્ર પૂરું પડ્યું.

'પથિ અસ્મિ'ના પ્રકાશન તેમ જ આકર્ષક મુખચિત્ર બદલ પ્રતિષ્ઠિત પ્રકાશનગૃહ 'ઝેન ઓપસ'નો – શ્રી કિરણભાઈ ઠાકરનો સદા ઋણી રહીશ.

અઢળક વાચનસામગ્રી પીરસનાર તેમ જ અનેક વખત પુરસ્કૃત થનાર 'શ્રી સયાજી વૈભવ સાર્વજનિક પુસ્તકાલય, નવસારી'નો સદૈવ આભારી રહીશ.

મારા સર્જનકર્મ માટે મને પૂરતી મોકળાશ કરી આપનાર પરિવારજનોનો આજીવન કૃતજ્ઞ રહીશ.

હું આપણા મહાન સાહિત્યકારોની વાર્તાઓમાં શબ્દો કરતાં એમાં રહેલા મૌનને, અને ઘટના કરતાં એની પાછળ ધબકતા અર્થોને ધ્યાનપૂર્વક સમજતો આવ્યો છું. અહીં મારો એવો પ્રયાસ રહ્યો છે કે આ કથા વાંચ્યા પછી કોઈ યુવતી પોતાના સપનાને ઓછું અસંભવ માને; કોઈ યુવાન પોતાના જૂના જખમ સાથે સમાધાન કરી શકે; કોઈ વ્યક્તિ પોતાની અંદર જતો માર્ગ શોધવા પ્રેરાય – તો મને લાગશે કે આ પુસ્તકે પોતાનો રસ્તો શોધી લીધો છે.

મા સરસ્વતીને નતમસ્તક વંદન કરીને, માબાપના આશીર્વચન સાથે આ પુસ્તક ભાવકો સમક્ષ રજૂ કરતાં એક રોમાંચક યાત્રારંભની લાગણી અનુભવી રહ્યો છું.

તો આવો...

હેલ્મેટ પહેરીએ, એન્જિન સ્ટાર્ટ કરીએ, અને બસ નીકળી પડીએ... કેટલીક વાર જીવનનો સાચો અર્થ અને ખરી મજા ગંતવ્ય પર નહીં, માર્ગમાં જ હોય છે; અને ત્યારે આપણે કહીએ છીએ –

I am on the way... હું માર્ગમાં છું... अहं पथि अस्मि...

16/Sep/2026

– ધર્મેશ ગાંધી

અનુક્રમ

1. नद्याः प्रवाहो न निरोधमिच्छेत् ----------1
2. अनागतविधाता---------- 21
3. प्रकाशो नियतो हि तस्य----------32
4. अतीतदुःखं वह्नौ दग्ध्वा ----------58
5. मृत्युर्ध्रुवं----------74
6. तमेव शरणं गच्छ---------- 102
7. संजात-विघटित-प्रेमा---------- 118
8. ध्येयप्राप्तेमार्गे ---------- 145
9. शैलाः पतन्ति---------- 158
10. विरहस्यास्य समाप्तये---------- 182